૨૭. પ્રા. એ. ડી.

EDUCATION DEPARTMENT GOVT. OF GUJARAT

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ક્રમાંકઃ અપલ/૨૦૦૫/૫૫૯/મા.શા./અ.સેલ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ /૭/૨૦૦૫.
2 JUL 2005

**આ મુ ખ :**

નવસર્જન એજ્યુકેશન ટ્રસ્ટ, મોરબી, જિ.રાજકોટની જૂન-૨૦૦૫ થી કાયમી ધોરણે ગ્રાન્ટ નહિ લેવાની શરતે રવાપર-ધુનડા રોડ મું.રવાપર, તા.મોરબી જિ.રાજકોટ ખાતે ન્યુ એશ પબ્લિક સ્કૂલ નામની નવી માધ્યમિક શાળા શરૂ કરવાની માંગણી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે તા.૧-૬-૨૦૦૫ ના હુકમથી નામંજુર કરતાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ અધિનિયમની કલમ-૩૧(૧૦) મુજબ અત્રે અપીલ કરેલ છે. અપીલની સુનાવણી તા.૨૨-૬-૦૫ ના રોજ રાખવામાં આવેલ. જેમાં સંસ્થાના તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટના પ્રતિનિધિશ્રી હાજર રહ્યા હતા.

રૂબરૂ સુનાવણી દરમિયાન શાળા મંડળની તા.૨૧-૬-૦૫ ની લેખિત રજુઆત તથા મૌખિક રજુઆત મુજબ સંસ્થા પાસે સુનાવણીની તારીખે રૂા.૪,૦૩,૧૬૦/- બેંક બેલેન્સ છે. નજીકની બે શાળાઓના એન.ઓ.સી. રજુ કરેલ છે. શાળા મંડળ તરફથી તાલુકા વિકાસ અધિકારીશ્રી, મોશબીએ રવાપર ગામના સ.નં.૧૫૫-૩ પૈકી જમીન એકર ૨-૦૦ ગુંઠા શૈક્ષણિક હેતુ માટે બીનખેતીની પરવાનગી આપેલ છે. સરપંચશ્રીએ મંજુર કરેલ નકશા રજુ કરવામાં આવેલ છે. ભોગવટા પ્રમાણપત્ર તથા સ્ટેબીલીટી પ્રમાણપત્ર રજુ કરેલ છે, આરગ્ય વિષય સુવિધાઓ તથા રમત-ગમતનું મેદાન છે તથા સંસ્થાની પોતાની પ્રાથમિક શાળા છે.

ઉપરોકત વિગતો ધ્યાને લેતાં સંસ્થાની અપીલ મંજુર કરવાપાત્ર જણાય છે. આથી નીચે મુજબ હુકમો કરવામાં આવે છે.

**હુ ક મ :**

સંસ્થાની વિવાદ અરજી તથા સુનાવણી દરમિયાન રજૂ થયેલ વિગતો ધ્યાનમાં લેતાં સંસ્થાની અપીલ આથી મંજુર કરવામાં આવે છે. સંસ્થાને કાયમી ધોરણે ગ્રાન્ટ નહિ લેવાની શરતે જૂન-૨૦૦૫ થી ધોરણ-૮ (અંગ્રેજી માધ્યમ) નો એક વર્ગ શરૂ કરવાની પરવાનગી આપવામાં આવે છે, તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા.૧.૬.૨૦૦૫ નો હુકમ રદ કરવામાં આવે છે અને આગળની જરૂરી કાર્યવાહી કરવા બોર્ડને જણાવવામાં આવે છે.

(અરવિંદ ધડુક)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ,

પ્રતિ

૧. મંત્રીશ્રી, નવસર્જન એજ્યુકેશન ટ્રસ્ટ, વિપુલ, કુબેરનગર શેરી નં.૩, નવલખી રોડ, મું.પો.તા.મોરબી, જિ.રાજકોટ.
૨. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડની ફાઇલ ક્રમાંકઃ — ૬૪/૨૨-૦૫ સાથે
૩. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ.
૪. સિલેકટ ફાઇલ, અપીલ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.